Seat No. : _______________

# AJ-114

**April-2022**

**B.A., Sem.-VI**

**CC-313 : Gujarati**

**(સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**નોંધ :** જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ સૂચિત કરે છે.

**વિભાગ-1**

નીચેના આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ ત્રણ પ્રશ્નના સવિસ્તાર જવાબ આપો :

1. શબ્દની શક્તિ એટલે શું ? તે જણાવી શબ્દની શક્તિના પ્રકારોની ચર્ચા કરો. **14**

2. શબ્દની શક્તિનો પરિચય આપી, લક્ષણના પ્રકારોની ચર્ચા કરો. **14**

3. સર્જન પ્રક્રિયા સાથે સંકળાયેલા તત્ત્વોની ચર્ચા કરો. **14**

4. નોંધ લખો : **14**
   (અ) અભિવ્યક્તિ અને પ્રત્યાયન
   (બ) કારયિત્રી પ્રતિભા અને ભાવયિત્રી પ્રતિભા

5. ટૂંકીવાર્તા, નાટક, ખંડકાવ્ય કોઈ એક સ્વરૂપ સમજાવો. **14**

6. વિવેચનની વિભાવના સમજાવી વિવેચનના પ્રકારો જણાવો. **14**

7. ઐતિહાસિક, તુલનાત્મક, વર્ણનાત્મક વિવેચનની પદ્ધતિ વિગતે સમજાવો. **14**

8. નોંધ લખો : **14**
   (અ) અનુકરણ પ્લેટો-એરીસ્ટોટલના સંદર્ભે
   (બ) પરંપરા અને પ્રયોગ

## વિભાગ-2

9. યોગ્ય વિકલ્પ શોધો : (કોઈપણ **આઠ**) **8**

(1) કોઈપણ શબ્દ સાંભળતા વેંત શબ્દના પ્રસિદ્ધ અર્થનો બોધ થાય તેને ________ કહેવાય.
(અભિધા, લક્ષણા, વ્યંજના, આર્થી વ્યંજના)

(2) શબ્દની શક્તિના પ્રકાર ________ છે.
(એક, બે, ત્રણ, ચાર)

(3) શુદ્ધા લક્ષણાનો પ્રકાર કયો છે ?
(રૂઢી, યોગ, ઉપાદાન લક્ષણા, યોગરૂઢી)

(4) રિપબ્લિક ગ્રંથ ________ નો છે.
(પ્લેટો, એરીસ્ટૉટલ, લોન્જાઈનસ, એલિયટ)

(5) કશાકનો સંકેત કે કશાકનું ચિહ્ન એટલે ________.
(પ્રતીક, પુરાકલ્પન, કલ્પન, છંદ)

(6) 'જટાયુ', 'બાહુક', 'શિખંડી' જેવા કાવ્યોમાં શેનો વિનિયોગ થયો છે ?
(પુરાકલ્પન, અભિધા, તરંગ, લય)

(7) રદીફ-કાફિયાનું બંધારણ શેમાં હોય છે ?
(ગીત, ગઝલ, સોનેટ, ડોલનશૈલી)

(8) સર્જક અને ભાવક વચ્ચેના અનુભૂતિ વ્યવહારનું સંક્રમણ એટલે શું ?
(સર્જન, વિવેચન, પ્રત્યાયન, આમાંથી એકપણ નહીં)

(9) વિવેચક કેવો હોવો જોઈએ ?
(બોલકો, આળસુ, વિનમ્ર, અભ્યાસુ)

(10) સર્જક અને ભાવકને જોડતી મહત્ત્વની કડી કઈ ?
(વિવેચક, અધ્યાપક, વિદ્યાર્થી, શિક્ષક)

(11) ટૂંકીવાર્તામાં શું આવે ?
(નાટ્યવસ્તુ, ઘટના, મંચનક્ષમતા, રંગ ભૂષા)

(12) ચતુષ્ક, ચતુષ્ક, ચતુષ્ક અને યુગ્મ એ કયા પ્રકારનું સોનેટ છે ?
(સ્વતંત્ર સોનેટ, પેટ્રાર્ક સોનેટ, મિલ્ટન સોનેટ, શેક્સપીરીયન સોનેટ)

(13) અનુભૂતિ, કલ્પના, શૈલી, સાહિત્યિક રુચિ આ શું છે ?
(સર્જનની પ્રક્રિયા સાથે સંકળાયેલા તત્ત્વો, અર્થઘટન, વર્ણન, મૂલ્યાંકન)

(14) બે કૃતિ વચ્ચે થતી તુલના એ ________ વિવેચન છે.
(તુલનાત્મક, વર્ણનાત્મક, ઐતિહાસિક, સૈદ્ધાંતિક)

(15) પરંપરા તૂટે ત્યારે ________ થાય.
(પ્રયોગ, શૈલી, અનુભૂતિ, અભિવ્યક્તિ)

(16) વર્ણન, અર્થઘટન, સમીક્ષા ________ છે.
(વિવેચનના પ્રકાર, સર્જન, ભાવન)

---